# વાગરામાં માટીખનન: 1 કરોડનો મુદ્દામાલ જપ્ત

**સરવે** નં.10ની સરકારી જમીન પર કોઈપણ પરવાનગી વિના ખનન ચાલતું હતું





ભરૂચ: સરકારી જમીનો પર લૂંટ ચલાવતા ભૂમાફિયાઓ સામે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર મોડે મોડે હરકતમાં આવી છે. પ્રાંત અધિકારીના નેતૃત્વમાં ગુપ્ત ઓપરેશન હાથ ધરતાં વાગરા તાલુકાના હરિનગર ગામની સીમમાં કરોડો રૂપિયાનું ગેરકાયદે માટીખનન કૌભાંડ પકડાયું છે. પ્રશાસનની આ કાર્યવાહીથી ખનીજ ચોરોમાં ભારે ફફડાટ મચી ગયો છે.

17 જૂનના રોજ મધરાતે બરાબર 1 વાગ્યે, જ્યારે આખો વિસ્તાર ઊંઘમાં હતો, ત્યારે પ્રાંત અધિકારીની આગેવાની હેઠળની ટીમે હરિનગર ગામની સીમમાં દરોડો પાડ્યો હતો. સરકારી સરવે નં.10ની જમીન પર કોઈ કાયદેસર પરવાનગી કે રોયલ્ટી ચૂકવ્યા વિના મોટા પાયે માટીનું ગેરકાયદે ખનન ચાલી રહ્યું હતું. પ્રશાસનની ગાડીઓ આવી પહોંચતાં જ સ્થળ પર મજૂરો અને ખનન કરતાં તત્ત્વોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. તંત્રએ સ્થળ પર સપાટો બોલાવતાં સરકારી તિજોરીને નુકસાન પહોંચાડતાં માફિયાઓ પાસેથી ભારે માત્રામાં સાધનો જપ્ત કર્યાં હતાં. જપ્ત મુદ્દામાલ પૈકીમાં માટીથી ખીચોખીચ ભરેલી 2 ટ્રક, માટી ભરવા માટે લાઈનમાં ઊભેલી 2 ખાલી ટ્રક અને ગેરકાયદે ખોદકામ માટે વપરાતાં 2 હિટાચી મશીનો જપ્ત કરવામાં આવ્યાં છે. કુલ મળીને આ મુદ્દામાલનો અંદાજિત કિં.રૂ.1 કરોડથી વધુનો છે. જો કે, અંધારાનો લાભ લઈને બે ટ્રકો ઘટના સ્થળેથી ફરાર થઈ શકી હતી, જેને પકડવા માટે તંત્ર દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે. ખાણ-ખનીજ વિભાગ અને સ્થાનિક પોલીસે ભૂમાફિયાઓ વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી અને કરોડોના દંડની વસૂલાતની પ્રક્રિયા શરૂ કરી છે.

## વ્યારાના કણજા ગામમાં તાપી નદીમાં ગેરકાયદે રેતીખનન ઝડપાયું



વ્યારા: વ્યારાના કણજા ગામે તાપી નદીના પટમાં ગેરકાયદે ચાલતી રેતીખનનની પ્રવૃત્તિને પકડવા વ્યારા પ્રાંત અધિકારી, વ્યારા મામલતદાર, જિલ્લા ભૂસ્તર વિભાગ અને પોલીસ વિભાગની સંયુક્ત ટીમે તાજેતરમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. દરમિયાન તાપી નદીમાં ગેરકાયદે રીતે રેતીખનન થતું હોવાનું બહાર આવતાં તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી દરોડો પાડી સ્થળ પરથી ૩ હિટાચી મશીન, ૧૦ નાવડી અને રેતી ભરેલાં ૨ હાઈવા ટ્રક સહિતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા તાપી નદીના પટ વિસ્તારમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવતાં રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. જેને લઇ રેતી તસ્કરો ભૂગર્ભમાં ઊતરી જતાં તાપી નદીના પટમાં સન્નાટો ફેલાયો છે.



પ્રદીપ ગુર્જર


# નેત્રંગમાં અમરાવતી નદી સુકાઈ જતાં પાણીની સમસ્યા ગંભીર

**સામાન્ય** જનતા સાથે પશુ-પક્ષીઓને મુશ્કેલી

**કરજણ** ઉદવહન સિંચાઈમાંથી પાણી છોડવા માંગ

નેત્રંગ: ચાલુ વર્ષે ચોમાસાના વિલંબને કારણે નેત્રંગ નગર સહિત સમગ્ર ગ્રામ્ય પંથકમાં પીવાના અને સિંચાઈના પાણીની ગંભીર કટોકટી સર્જાઈ છે. વિસ્તારના નદી, નાળા, તળાવો અને નાની સિંચાઈ યોજનાના ડેમો સંપૂર્ણપણે સુકાઈ ગયા છે. વરસાદ ન ખેંચાતા પશુ-પક્ષીઓથી માંડીને આમ જનતા પાણી માટે ત્રાહિમામ પોકારી ઊઠી છે.

નેત્રંગ નગરમાંથી વહેતી જીવાદોરી સમાન અમરાવતી નદી પણ હાલ સૂકીભટ્ટ થઈ ગઈ છે. જેના કારણે નેત્રંગ ગ્રામ પંચાયત હસ્તકના બે વારિગૃહના કૂવાઓમાં પાણીના સ્તર તળિયે બેસી ગયા છે. પાણીના સ્રોત સુકાતાં આગામી દિવસોમાં પાણીની તીવ્ર અછત સર્જાય તેવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. નગરના કેટલાક વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પાણી ન મળતાં ગૃહિણીઓ સહિત સ્થાનિકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. સ્થાનિકો દ્વારા સરકાર સમક્ષ કરજણ ઉદવહન સિંચાઈ યોજના થકી અમરાવતી નદી તેમજ પંથકના અન્ય જળાશયોમાં તાત્કાલિક પાણી છોડવાની પ્રબળ માંગ ઊઠી છે. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે આ જળ સમસ્યાનું નિરાકરણ લાવવામાં આવે તે અનિવાર્ય બન્યું છે.



પ્રદીપ ગુર્જર

## આ છે સમસ્યા: અમરાવતી નદી પરનો ચેકડેમ ૪૦ વર્ષથી મરામતની રાહ પર

**નેત્રંગ: પથ્થરાળ વિસ્તારના કારણે નેત્રંગ પંથકમાં ચોમાસાનું પાણી સીધું વહી જાય છે. જળસંચય માટે વર્ષો પહેલાં ગાંધીબજાર પાસે અમરાવતી નદી પર લાખોના ખર્ચે ચેકડેમ બનાવાયો હતો. જો કે, ભારે પૂરથી ડાબી બાજુનો માટીનો ભાગ ધોવાઈ જતાં અને ડેમમાં કાંપ-રેતી ભરાઈ જતાં પાણીનો સંગ્રહ થતો નથી. તંત્રના ભ્રષ્ટાચાર અને પદાધિકારીઓની ઉદાસીનતાને કારણે આ ડેમ છેલ્લાં ૪૦ વર્ષથી બિસ્માર હાલતમાં અડીખમ ઊભો છે. સ્થાનિક વહીવટકર્તાઓને જળસંચયના બદલે માત્ર અન્ય વિકાસકામોમાં જ રસ હોવાનો આક્ષેપ છે. આ ચેકડેમ ઊંડો કરી મરામત કરાય તેવી લોકમાંગ ઊઠી છે.**

## નેત્રંગમાં પંચાયતની અણઆવડત સામે જનઆક્રોશ



નેત્રંગ: નેત્રંગ નગરમાં ઉનાળાની શરૂઆતમાં જ પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. અમરાવતી નદી કિનારે આવેલા વારિગૃહમાં પાણીના સ્તર ઊંડા જતાં ૩૦થી ૪૦ વિસ્તારોમાં પાણીની તંગી ઊભી થઈ છે, જેથી પંચાયતને ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવાની નોબત આવી છે. નગરજનોના આક્ષેપ મુજબ જીનબજાર, ચાર રસ્તા અને ઝંખવાવ રોડ વિસ્તારના બોરમાં ભરપૂર પાણી હોવા છતાં, પંચાયત વહીવટકર્તાઓ માત્ર સેવાસદનવાળા બોરમાંથી જ ટેન્કરો ભરી રહ્યા છે. આ અણઆવડતને કારણે આગામી દિવસોમાં કટોકટી વણસે તેવી ભીતિ છે. લોકોની માંગ છે કે અન્ય વિસ્તારોના બોર અને બાગવાળાં વારિગૃહમાંથી ટેન્કરો ભરવાની વ્યવસ્થા કરવામાં આવે.



## ગુણસદા ગામમાં રસ્તાનું ખાતમુહૂર્ત કરી કોન્ટ્રાક્ટર ફરક્યો જ નહીં!

**જર્જરિત** રસ્તા અને જોખમી કોઝવેથી ગ્રામજનોમાં રોષ: તાકીદે કામ પૂર્ણ કરવા માંગ



સોનગઢ: ઉકાઈના ગુણસદા ગામના બરડીપાડા વિસ્તારમાં આવેલા બગલી ફળિયું, આશ્રમ ફળિયું અને પટેલ ફળિયાને જોડતો મુખ્ય રસ્તો તેમજ કોઝવે કમ પુલિયું અત્યંત જર્જરિત થતાં ગ્રામજનોમાં ભારે રોષ છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ બનેલો આ માર્ગ જર્જરિત થતાં વિદ્યાર્થીઓ, નોકરિયાતો અને દૂધ ઉત્પાદકોને મુશ્કેલી પડી રહી છે. વૈકલ્પિક માર્ગ ન હોવાથી લોકોને સોનગઢ થઈ ઉકાઈ સુધી લાંબો ફેરો કરવો પડે છે.

સ્થાનિકોના આક્ષેપ મુજબ ચાલુ વર્ષના જાન્યુઆરીમાં રસ્તાના નવીનીકરણનું ખાતમુહૂર્ત કરાયા બાદ કામ અધવચ્ચે જ અટકાવી દેવાયું છે. પરિણામે માર્ગ પર મોટા ગાબડાં અને કાદવથી અકસ્માતનો ભય રહે છે. ચોમાસામાં વર્ષો જૂના કોઝવે પર પાણી ફરી વળતાં શાળાના બાળકો અને રાહદારીઓના જીવ જોખમમાં મુકાય છે. તંત્રના વિકાસના દાવા વચ્ચે સંઘર્ષ વહોરી રહેલા ગ્રામજનોએ ઉકાઈ તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર સમક્ષ ઉગ્ર માંગ કરી છે કે, અધૂરું રોડનું કામ તાત્કાલિક પૂરું કરવામાં આવે અને જોખમી કોઝવેના સ્થાને નવો મજબૂત પુલ બનાવી સુરક્ષિત સુવિધા આપવામાં આવે.

# અંકલેશ્વરના શાક માર્કેટમાં દબાણ હટાવવા મુદ્દે ચક્કાજામ



પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

**છૂટક** શાકભાજી વેચતી મહિલાઓનો વિરોધ

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકા દ્વારા શહેરના ત્રણ રસ્તા વિસ્તાર નજીક મુખ્ય માર્ગને અડીને આવેલા શાકમાર્કેટમાં ટ્રાફિક સમસ્યા દૂર કરવા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન છૂટક શાકભાજી વેચતી મહિલાઓને સ્થળાંતરિત કરવાની કાર્યવાહી સામે મહિલાઓએ વિરોધ નોંધાવી મુખ્ય માર્ગ પર બેસી ચક્કાજામ કરતાં વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

ત્રણ રસ્તા વિસ્તાર પાસે આવેલ શાકમાર્કેટની આસપાસ માર્ગની બાજુમાં શાકભાજીનું વેચાણ તેમજ આડેધડ વાહન પાર્કિંગને કારણે રોજિંદી ટ્રાફિક સમસ્યા ઊભી થતી હતી. જેને ધ્યાનમાં રાખી નગરપાલિકાએ માર્ગ પરના દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરી હતી. સાથે જ છૂટક શાકભાજી વેચતી મહિલાઓને શાકમાર્કેટની બાજુમાં વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવી હતી. તેમ છતાં સ્થળાંતરનો વિરોધ કરતાં મહિલા શાકભાજી વિક્રેતાઓએ પાલિકાના સત્તાધીશો સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. બાદમાં મહિલાઓ મુખ્ય માર્ગની બંને બાજુ બેસી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં એ-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મહિલાઓને સમજાવી માર્ગ પરથી હટાવતા વાહનવ્યવહાર ફરી શરૂ થયો હતો.

## વ્યારામાં લોન કૌભાંડમાં 2નાં 3 દિવસનાં રિમાન્ડ

વ્યારા: વ્યારા નગરમાં સ્ટેશન રોડ પર આવેલ કેનરા બેંક સામે આવેલા લાખો રૂપિયાના લોન કૌભાંડમાં પોલીસે લોન એજન્ટ સંદીપ કોંકણી અને નોટરી એડ્વોકેટ ઈશ્વર કોંકણીની ધરપકડ કરી હતી. બંને આરોપીઓને પોલીસે કોર્ટમાં રજૂ કરી 3 દિવસનાં રિમાન્ડ મેળવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે તપાસ દરમિયાન કૌભાંડના વધુ તથ્યો બહાર લાવવા, દસ્તાવેજી પુરાવાઓ મેળવવા તેમજ અન્ય સંડોવાયેલા વ્યક્તિઓ સુધી પહોંચવા માટે પોલીસે કોર્ટ સમક્ષ 10 દિવસનાં રિમાન્ડની માંગણી કરી હતી. જો કે, બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીઓનાં ત્રણ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં. ત્યારે કેનરા બેંક લાખો રૂપિયાના લોન કૌભાંડ મામલે લોન એજન્ટ સંદીપ કોંકણી, લોટરી વકીલ ઈશ્વર કોંકણી સહિત 7 સામે ગુનો નોંધાયો હતો અને સમગ્ર ઘટનાએ જિલ્લામાં ભારે ચર્ચા જગાવી છે.


**જાહેર નોટીસ - વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં**

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૪/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૬/૦૬/૨૦૨૬

વાદી: ચંદ્રિકાબેન નરોત્તમભાઈ પટેલ, રહે. બ્રાહ્મણ ફળીયુ, મોજે.કઠોદરા, તા.પુણા, જિ.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : મામલતદારશ્રી કામરેજ તા.કામરેજ, જિ.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી ચંદ્રિકાબેન નરોત્તમભાઈ પટેલનો જન્મ તા.09/02/1954 ના રોજ માંકણા, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ



Milano MULTIPLEX
બારડોલી

| |
|---|
| Haunted 10:00am, 04:00pm, 10:00pm |
| Bharat bhahagya Viddhaata 01:00pm, 07:00pm |
| The Silent Saviour Governor - 12:00pm, 06:00pm |
| Badhu Alright Che-Gujarati 02:30pm, 05:30pm |
| Peddi - 11:00am, 09:30pm |
| Hai Jawani Toh Ishq Hona Hai 03:00pm, 09:00pm |

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


# સોનગઢમાં સરકારી બિયારણ માટે રૂ.૬૫૦ની લાંચ લેતાં બે ઝડપાયા

**ગ્રામસેવક** અને ખાનગી એજન્ટ સામે એસીબીની કાર્યવાહી



સોનગઢ: સોનગઢમાં લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો દ્વારા સફળ ટ્રેપ કરવામાં આવી છે. જેમાં ખેડૂત પાસેથી સરકારી યોજનાના બિયારણ આપવાના અવેજમાં લાંચ માંગનાર ગ્રામસેવક અને તેની સાથે સંકળાયેલા એગ્રો એજન્સીના સંચાલકને એસીબીએ રંગેહાથ ઝડપી પાડ્યા છે.

ઘટનાની વિગત મુજબ ફરિયાદી ખેડૂતે રાજ્ય સરકારની "નિદર્શન કિટ સહાય યોજના-૨૦૨૬" હેઠળ ડાંગર અને જુવારના બિયારણ મેળવવા માટે "આઈ ખેડૂત પોર્ટલ" પર ઓનલાઈન અરજી કરી હતી. આ બિયારણ મેળવવા માટે ડોસવાડા સેજોના ગ્રામસેવક જીવણભાઈ બીટીયાભાઈ ગામીતે ફરિયાદી પાસે કુલ રૂ.૬૫૦ની લાંચ માંગી હતી. આરોપી ગ્રામસેવકે આ લાંચની રકમ સોનગઢ એ.પી.એમ.સી. માર્કેટમાં આવેલી 'બજરંગ એગ્રો એજન્સી'ના સંચાલક અક્ષય રાજેન્દ્રભાઈ કેરલને આપી દેવા જણાવ્યું હતું.

લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી જાગૃત નાગરિકે તાપી એ.સી.બી.નો સંપર્ક કરતાં છટકું ગોઠવાયું હતું. સોનગઢમાં આવેલી બજરંગ એગ્રો એજન્સીના ગોડાઉન ખાતે ગોઠવાયેલા આ છટકા દરમિયાન આરોપી અક્ષય કેરલે ફરિયાદી પાસેથી રૂ.૬૫૦ની લાંચની રકમ સ્વીકારી હતી. રકમ સ્વીકારતાની સાથે જ એ.સી.બી. ટીમે બંને આરોપીને રંગેહાથ દબોચી લીધા હતા.



## બારડોલી પીપલ્સ કો-ઓપ. સોસાયટીના હોદ્દેદારો વરાયા

બારડોલી: બારડોલી પીપલ્સ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. બારડોલીની સને-2026થી 2031ના પાંચ વર્ષની મુદત માટે વ્યવસ્થાપક કમિટીના 18 સભ્યની ચૂંટણી માટે તા.21-5-2026ના રોજ ચૂંટણી કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો. જેના અનુસંધાને તમામ ઉમેદવારો બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

મંગળવારના રોજ મળેલી વ્યવસ્થાપક કમિટીની બેઠકમાં સહકારી ભાવનાને ઉજાગર કરતાં હોદ્દેદારોની બિનહરીફ વરણી કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ તરીકે રાકેશ ગાંધીની પુનઃ વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે શૈલેન્દ્ર નગીનદાસ પટેલ અને મંત્રી ટાઈરકે જેનીશ ભંડારીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.